ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-વિતરણ/
પોલિસી/ ૧૨
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૯/૦૯/૨૦૨૫

## // પરિપત્ર //

**વિષય : GG Application હેઠળ ઓન લાઈન રજુ થયેલ સ્કેન દસ્તાવેજ કામચલાઉ શરતી હુકમ જારી થયા બાદ અસલ દસ્તાવેજ મેળવવા બાબતે.**

**સંદર્ભ :** ૧) e-file process for all online services બાબતે પત્ર ક્રમાંક: L09004807277, તા.૩૦/૦૬/૨૦૨૦.
૨) પરિપત્ર ક્રમાંક:L09003632093, તા.૦૮/૦૯/૨૦૨૦.

નિગમ દ્વારા ગુડ ગવર્નન્સ અંતર્ગત વિવિધ અરજીઓનો ઝડપથી નિકાલ થાય તેમજ પારદર્શિતા જળવાય તે હેતુસર ઓનલાઇન પ્રોસેસ કરવામાં આવે છે. અરજદાર દ્વારા નિગમની વિવિધ સેવાઓ મેળવવા માટે કરવામાં આવતી અરજીઓમાં રજૂ કરવાના થતા દસ્તાવેજ ઓનલાઇન રજૂ કરવામાં આવે છે. નિગમ દ્વારા સંદર્ભિત પરિપત્ર તા.૩૦/૦૬/૨૦૨૦ મુજબ નિગમને મળેલ અરજી માટેની કાર્યવાહી જે-તે મિલ્કતની ઇ-ફાઇલમાં કરવામાં આવે છે. ત્યારબાદ, નિગમ દ્વારા તા.૦૮/૦૯/૨૦૨૦ ના પરિપત્રથી અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજીમાં ઓનલાઇન રજૂ થયેલ દસ્તાવેજ આધારે જ અરજી અન્વયેની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ.

જે મુજબ અરજદાર દ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીના અસલ દસ્તાવેજ નિગમ દ્વારા ઓફલાઈન મંગાવવામાં આવતા નથી, પરંતુ અરજી સાથે રજૂ કરેલ સ્કેન દસ્તાવેજના આધારે નિર્ણય કરવામાં આવે છે. જે સંદર્ભમાં ધ્યાને આવેલ વિગતો અનુસાર નિગમની કોઈ પણ સેવા માટે કોઇપણ અરજદાર દ્વારા અરજી કરવામાં આવતી હોય છે, જેમાં અરજદાર દ્વારા દસ્તાવેજમાં ફેરફાર કરી બોગસ અને બનાવટી દસ્તાવેજો રજૂ કરી મિલકત તબદીલી કરવા માટે અરજી કરવામાં આવેલ હોય તેવા કિસ્સા ધ્યાને આવેલ છે. જેથી, તકેદારીના ભાગરૂપે જે-તે અરજી પરત્વે નોટરી સાથેના/સ્વ-પ્રમાણિત કર્યાનુસારના અસલ દસ્તાવેજ અરજદાર પાસેથી મેળવવા જરૂરી જણાય છે.

આથી, નિગમની તમામ ક્ષેત્રિય કચેરીઓને જણાવવામાં આવે છે કે, "વિવિધ સેવાઓ માટેની ઓનલાઇન મારફતે મળતી અરજીઓ સાથે રજુ થતાં દસ્તાવેજ અન્વયે જારી થતા **કામચલાઉ શરતી હુકમ** બાદ અસલ દસ્તાવેજ(નોટરી સાથેના લાગૂ પડતા અસલ નોટરી દસ્તાવેજ તેમજ અન્ય સ્વ-પ્રમાણિત કરેલ દસ્તાવેજ) નિગમની સંબંધિત કચેરી દ્વારા આખરી હુકમ જારી કરતાં પહેલાં અરજદાર પાસેથી મેળવી લેવાના રહેશે."

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

**પ્રતિ,**
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ કરવા સારુ.

**નકલ રવાના :**

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર મૂકવા સારું.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારું.

૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારું.

રવાના કર્યુ,
HC
જનરલ મેનેજર ગેડ-૧ (મહેકમ)